# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

## બ્લોક નં.૨, પહેલો માળ, "કર્મયોગી ભવન" નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ધ્વારા બિનસચિવાલય કારકુન અને સચિવાલય સેવાનાં ઓફિસ આસિસ્ટન્ટ વર્ગ-૩ની જગાઓ સીધી ભરતીથી ભરવા માટેની ઓનલાઇન જાહેરાત ક્રમાંક ૮૩/૨૦૧૬૧૭, અન્વયે તા.૧૬/૧૦/૨૦૧૬નાં રોજ લેવાયેલ લેખીત સ્પર્ધાત્મક પરીક્ષા તથા તા.૦૩/૦૧/૨૦૧૭ થી તા.૧૨/૦૧/૨૦૧૭ના રોજ લેવાયેલ કોમ્પ્યુટર પ્રોફિસિયન્સી (કાર્યક્ષમતા) કસોટીના અંતે પસંદગી / પ્રતિક્ષા યાદીમાં સમાવવા પાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવેલ છે. તેવા ઉમેદવારોની યાદી મંડળ દ્વારા તા.૨૭/૦૨/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ છે. આ યાદીમાં દર્શાવેલ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી માટેનાં પ્રથમ તબક્કાનો કાર્યક્રમ તા.૧૦/૦૩/૨૦૧૭ થી ૨૪/૦૩/૨૦૧૭ સુધીનો મંડળની વેબસાઇટ પર તા.૦૪/૦૩/૨૦૧૭ના રોજ જાહેર કરવામાં આવેલ હતો. બીજા તબક્કાનાં કાર્યક્રમ માટે સબંધિત ઉમેદવારોને નીચે મુજબના સ્થળે સ્વખર્ચે હાજર રહેવાનું જણાવવામાં આવે છે.

સ્થળઃ- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં.૨, પહેલો માળ, "કર્મયોગી ભવન" નિર્માણ ભવનની પાછળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર..

બીજા તબક્કાના ઉમેદવારોને હાજર રહેવાની તારીખ જોવા માટે અહીં ક્લીક કરો. (**લીંક-1 અનેક્ષર-૧**)

૧. તમામ ઉમેદવારો માટેની સૂચનાઃ

(૧) તમામ ઉમેદવારોએ ઉપરોકત સ્થળે નીચેના અસલ પ્રમાણપત્રો /દસ્તાવેજો અને તેનો, સ્વ-પ્રમાણિત ૧ ઝેરોક્ષ સેટ તેમજ પાસપોર્ટ સાઇઝનો અરજીપત્રક વખતે જે અપલોડ કરેલ હોય તેવોજ એક ફોટો અચુક સાથે લાવવાના રહેશે.

(ક) ધોરણ-૧૨ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ખ) ધોરણ-૧૦ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ગ) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(ઘ) આઇ.ડી. પ્રુફની સ્વ-પ્રમાણીત નકલ (ફોટા સાથેનું)

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબનું કોમ્પ્યુટરના બેઝીક નોલેજ બાબતનું પ્રમાણપત્ર

(૩) એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી. વર્ગના ઉમદવારો માટે જાતિ અંગેનું સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નિયત નમૂનાનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી)ના નમૂનામાં તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૬ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૨૦/૦૬/૨૦૧૬ તે સુધીના સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર અરજીમાં દર્શાવ્યા મુજબના પ્રમાણપત્રના નંબર અને તારીખવાળું લાવવાનું રહેશે. રાજય સરકારની નોકરીઓ માટેનું પરિશિષ્ટ-૪ માં ગુજરાતી પ્રમાણપત્ર જ માન્ય ગણાશે. (અંગ્રજી નમુનામા કઢાવેલ પ્રમાણ પત્ર કે જે કેન્દ્ર સરકારની નોકરીયો માટેનું હોય છે. જે માન્ય ગણાશે નહી).

(૫) અરજી પત્રકમાં રમત ગમતની લાયકાત ધરાવતા હોવાનું દર્શાવેલ ઉમેદવારોએ સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧/૦૮/૧૯૯૦ ઠરાવના નમુના મુજબ (લીંક-૨) માન્ય રમત-ગમતનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. નિયત નમુનાના પ્રમાણપત્ર મંડળની વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ છે.

ક્રમ નં.(૧) અને (૨) માં દર્શાવેલ પ્રમાણપત્રો તમામ ઉમેદવારોને લાગુ પડશે. જયારે ક્રમ નં. (૩) થી (૫)ના પ્રમાણપત્રો જે ઉમેદવારોના કિસ્સામાં લાગુ પડતા હોય તે ઉમેદવારોએ લાવવાના રહેશે.

૨. વધુમાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમના સ્થળે તારીખ/સમય મુજબ જે તે ઉમેદવારોના સીરીયલ નંબર દર્શાવેલ છે. તે મુજબ તેમણે ફરજીયાત હાજર રહેવાનું છે.

૩. પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ સ્થળે કોઇપણ ઉમેદવારની સાથે આવેલ વાલીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં. પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ સ્થળે ઉમેદવારો ધ્વારા મોબાઇલના ઉપયોગનો પ્રતિબંધ છે.

૪. મહિલા ઉમેદવાર જો પરણિત હોય અને અરજી તેમજ પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર/સરકારી ગેઝેટ કે એફીડેવીટ રજૂ કરવાના રહેશે.

૫. વિધવા ઉમેદવારે પુન: લગ્ન ન કર્યા અંગે સોગંદનામું રજું કરવાનું રહેશે.

૬. જે ઉમેદવારો સરકારી સેવામાં ફિડર-કેડરમાં ફરજો બજાવતા હોય તેવા ઉમેદવારોએ તેઓની કચેરી/ખાતાનું નોકરીમાં જોડાયા તારીખ/સમયગાળાનું પ્રમાણપત્ર સાથે લાવવાનું રહેશે.

૭. અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે નિયત તારીખ અને સમયે ઉમેદવાર હાજર નહિ રહે તો ઉમેદવારને "ગેરહાજર" ગણી યાદીમાંથી ગેરહાજર ઉમેદવારનો બેઠક નંબર "કમી" કરવામાં આવશે અને ભવિષ્યમાં આ બાબતનો કોઈ હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. તેની ખાસ નોંધ લેવી. અનિવાર્ય કારણોસર (માંદગી કે કૌટુંબીક મરણ) પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર ન રહી શકાય તેવા સંજોગોમાં કારણોના પુરાવા સાથે ઉમેદવારના નજીકના વાલી (મિત્ર સિવાય) અસલ પ્રમાણપત્રો સાથે પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર રહી શકશે તથા આવા વાલીએ ઉમેદવારનું સંમતિપત્ર સાથે લાવવાનું રહેશે. (નમુનો લીંક-૩)

૮. ઉમેદવારોની પસંદગી તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન રહેશે. ઉમેદવારે રજૂ કરેલ પ્રમાણપત્રો/દસ્તાવેજોમાં અને ઉમેદવારની અરજીની વિગતોમાં જો કોઇ વિસંગતતા જણાશે તો આ બાબતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા જે કોઇ નિર્ણય કરવામાં આવે તે આખરી અને ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૯. પ્રમાણપત્રોની ચકાસણી માત્રથી નિમણૂંક માટેનો કોઈ હક્ક આપોઆપ ઉમેદવારને મળી જતો નથી. તેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. હાલમાં નિયત ૪૬૮૨ (ચાર હજાર છસ્સો બ્યાસી) જગ્યાઓ સામે કુલ- ૫૮૮૫ ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવેલ છે, પ્રમાણપત્રોની ચકાસણી બાદ મંડળ દ્વારા કુલ- ૪૬૮૨ ઉમેદવારોની પસંદગી યાદી અને કુલ જગ્યાના ૨૦% ઉમેદવારોની કેટેગરી વાઈઝ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

૧૦. પ્રમાણપત્રોની ચકાસણી માટેની યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોમાંથી ઉપલબ્ધ જગ્યા માટે પર્યાપ્ત લાયકી ઉમેદવારો સી.એ.નં. ૪૩૧૦-૪૩૧૧/૨૦૧૦ યુનિયન ઓફ ઇંડીયા વિરૂધ્ધ રમેશ રામ અને અન્યના કેસમાં નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદાની અમલવારીના કારણે તેમજ ગેરહાજર રહેતાં તથા ગેરલાયક ઠરતાં ઉમેદવારોને કારણે વધુ ઉમેદવારો બોલાવેલ હોવા છતાં ઉપલબ્ધ નહિં થાય તો ક્વોલીફાય થયેલ પરંતુ ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે નહિ બોલાવેલ ઉમેદવારોની યાદીમાંથી મેરીટના ધોરણે જે તે કેટેગરીની જરૂરીયાત મુજબ વધારે ઉમેદવારો બોલાવવામાં આવશે અને તેઓની જે તે કેટેગરીની ખાલી જગ્યા ઉપર ફાળવણી અંગે કાર્યવાહી કરવામાં આવશે અને ઉક્ત ચુકાદાની અમલવારીને કારણે પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવેલ ઉમેદવારો પસંદગી યાદી/પ્રતિક્ષાયાદીમાંથી બહાર પણ નીકળી શકશે જે બાબતની ખાસ નોંધ લેવી.

૧૧. પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળની વેબસાઇટ પરની યાદીમાં ઉલ્લેખીત પસંદગી/ પ્રતિક્ષાયાદીમાં સમાવવાપાત્ર સંભવિત તમામ ઉમેદવારોને પત્રથી જાણ કરેલ છે.પરંતુ જે કિસ્સામાં ઉમેદવારને પત્ર ન મળે તો પણ સંબંધિત ઉમેદવારે વેબસાઇટમાં દર્શાવ્યા પ્રમાણે પ્રમાણપત્રોની ચકાસણી માટે નિયત સમય અને તારીખે મંડળની કચેરી ખાતે હાજર થવાનું રહેશે.

૧૨. વેરીફીકેશન સમયે ઉમેદવારે ભરવાના થતાં ખાતા પસંદગી માટેના પત્રકના નમુના માટે અહીં ક્લીક કરો. (લીંક નંબર.૪)

૧૩. ઉપલબ્ધ જગાઓની માહિતી દર્શાવતું અદ્યતન કરેલ પત્રક દરરોજ સાંજે મંડળની વેબસાઇટ પર જોવા મળશે.

------------

## -: ઉમેદવારો માટેની અગત્યની સુચનાઓ :-

૧. તમામ ઉમેદવારો માટેની સૂચનાઃ

(૧) તમામ ઉમેદવારોએ ઉપરોકત સ્થળે નીચેના અસલ પ્રમાણપત્રો /દસ્તાવેજો અને તેનો સ્વ-પ્રમાણિત ૧ ઝેરોક્ષ સેટ તેમજ પાસપોર્ટ સાઇઝનો એક ફોટો અચુક સાથે લાવવાના રહેશે.

(ક) ધોરણ-૧૨ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ખ) ધોરણ-૧૦ની માર્કશીટ અથવા પ્રમાણપત્ર

(ગ) શાળા છોડયાનું પ્રમાણપત્ર

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ના ઠરાવ મુજબનું કોમ્પ્યુટરના બેઝીક નોલેજ બાબતનું પ્રમાણપત્ર

(૩) એસ.સી./એસ.ટી./એસ.ઇ.બી.સી. વર્ગના ઉમદવારો માટે જાતિ અંગેનું સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ પ્રમાણપત્ર

(૪) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું નિયત નમૂનાનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) ના નમૂનામાં તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૫ ના સમયગાળાની આવકને ધ્યાને લઈ, તા.૦૧/૦૪/૨૦૧૫ થી અરજી કરવાની છેલ્લી તા.૧૬/૧૧/૨૦૧૫ સુધીના સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોવા અંગેનું પ્રમાણપત્ર અરજીમાં દર્શાવ્યા મુજબના પ્રમાણપત્રના નંબર અને તારીખવાળું લાવવાનું રહેશે. રાજય સરકારની નોકરીઓ માટેનું પરિશિષ્ટ-૪ ગુજરાતી પ્રમાણપત્ર જ માન્ય ગણાશે. (અંગ્રજી નમુનામા કઢાવેલ પ્રમાણપત્ર કે જે કેન્દ્ર સરકારની નોકરીઓ માટેનું હોય છે. જે માન્ય ગણાશે નહી)

(૫) વિકલાંગ ઉમેદવારોએ સામાન્ય વહિવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક:પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડન્ટ/સિવીલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) અરજીપત્રકમાં રમતગમતની લાયકાત ધરાવતા હોવાનું દર્શાવેલ ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૧/૦૮/૧૯૯૦ ના ઠરાવના નમુના મુજબ માન્ય રમતગમતનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે. નિયત નમૂનાના પ્રમાણપત્ર મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

(૭) ઉમેદવાર Ex. Serviceman હોય તે કિસ્સામાં જે તે ખાતા તરફથી ઇસ્યુ કરેલ Discharge Book અને ઓળખપત્ર લાવવાના રહેશે.

ક્રમ નં.(૧) અને (૨) માં દર્શાવેલ પ્રમાણપત્રો તમામ ઉમેદવારોને લાગુ પડશે. જયારે ક્રમ નં. (૩) થી (૭)ના પ્રમાણપત્રો જે ઉમેદવારોના કિસ્સામાં લાગુ પડતા હોય તે ઉમેદવારોએ લાવવાના રહેશે.

૨. વધુમાં અસલ પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમના સ્થળે તારીખવાર/સમય મુજબ જે તે ઉમેદવારોના સીરીયલ નંબર દર્શાવેલ છે. તે મુજબ તેમણે ફરજીયાત હાજર રહેવાનું છે.

3 "**બિનસચિવાલય કારકુન અને સચિવાલય સેવાનાં ઓફિસ આસિસ્ટન્ટ**" ની ફાળવણી સંદર્ભે ઉમેદવારે કાર્યક્રમના સ્થળે ઉપલબ્ધ જગ્યાઓ પૈકી પસંદગી દર્શાવવાની રહેશે. પ્રમાણપત્રો ચકાસણીનાં જે તે દિવસે ઉપલબ્ધ જગ્યાઓ પ્રમાણે ઉમેદવારે દર્શાવેલ પસંદગી / પ્રેફરન્સ આખરી અને તેને બંધનકર્તા રહેશે, જેમાં પાછળથી કોઇપણ તબક્કે ફેરફાર કરી શકાશે નહીં. જે ધ્યાને લઇ ખુબજ કાળજીપુર્વક પસંદગી / પ્રેફરન્સ દર્શાવવાના રહેશે. પ્રમાણપત્રોની ચકાસણી સ્થળે કોઇપણ ઉમેદવારની સાથે આવેલ વાલીઓ ને પ્રવેશ આપવામાં આવશે નહી. પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમ સ્થળે ઉમેદવારો દ્વારા મોબાઇલનાં ઉપયોગનો પ્રતિબંધ છે.

૪ ઉમેદવારે પોતાનું કોઇપણ એક આઇડેન્ટી પ્રૂફ જેવુ કે ડ્રાઇવીંગ લાઇસન્સ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ કે પાનકાર્ડ અચૂક સાથે લાવવાનું રહેશે તેમજ તેની ૧ ઝેરોક્ષ નકલ સ્વ-પ્રમાણિત કરી આપવાની રહેશે.

૫. મહિલા ઉમેદવાર જો પરણિત હોય અને અરજી તેમજ પ્રમાણપત્રોના નામમાં વિસંગતતા હોય તો લગ્ન નોંધણી પ્રમાણપત્ર/સરકારી ગેઝેટ કે એફીડેવીટ રજૂ કરવાના રહેશે.

૬. વિધવા ઉમેદવારે પુન: લગ્ન ન કર્યા અંગે સોગંદનામું રજું કરવાનું રહેશે.

૭. જે ઉમેદવારો સરકારી સેવામાં ફિડર કેડરમાં ફરજો બજાવતા હોય તેવા ઉમેદવારોએ તેઓની કચેરી/ખાતાનું નોકરીમાં જોડાયા તારીખ/સમયગાળાનું પ્રમાણપત્ર સાથે લાવવાનું રહેશે.

૮. અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે નિયત તારીખ અને સમયે ઉમેદવાર હાજર નહિ રહે તો ઉમેદવારને "ગેરહાજર" ગણી યાદીમાંથી ગેરહાજર ઉમેદવારનો બેઠક નંબર "કમી" કરવામાં આવશે અને ભવિષ્યમાં આ બાબતનો કોઈ હક્ક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. તેની ખાસ નોંધ લેવી. અનિવાર્ય કારણોસર પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર ન રહી શકાય તેવા સંજોગોમાં કારણોના પુરાવા સાથે ઉમેદવારના નજીકના (મિત્ર સિવાય) વાલી અસલ પ્રમાણપત્રો સાથે પ્રમાણપત્રોની ચકાસણી કાર્યક્રમમાં હાજર રહી શકશે તથા આવા વાલીએ ઉમેદવારનું સંમતિપત્રક સાથે લાવવાનું રહેશે. (નમુનો લીંક-૨)

૯. ઉમેદવારોની ફાળવણી તેમના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન રહેશે. ઉમેદવારે રજૂ કરેલ પ્રમાણપત્રો / દસ્તાવેજોમાં અને ઉમેદવારની અરજીની વિગતોમાં જો કોઇ વિસંગતતા જણાશે તો આ બાબતે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા જે કોઇ નિર્ણય કરવામાં આવે તે આખરી અને ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૦. પ્રમાણપત્રોની ચકાસણી માત્રથી નિમણૂંક માટેનો કોઈ હક્ક આપોઆપ ઉમેદવારને મળી જતો નથી. તેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. હાલમાં નિયત ૪૬૮૨ (ચાર હજાર છસ્સો બ્યાસી) જગ્યાઓ સામે કુલ- ૫૮૮૫ ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવામાં આવેલ છે, પ્રમાણપત્રોની ચકાસણી બાદ મંડળ દ્વારા કુલ ૪૬૮૨ ઉમેદવારોની પસંદગી યાદી અને કુલ જગાના ૨૦% ઉમેદવારોની કેટેગરી વાઈઝ પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

----------------